જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૭/૨૦૧૭ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૬૭/૧૭

## સરદારનગર પોલીસ સ્ટેશનઃ-

આજરોજ અમદાવાદ શહેર ના મે. પોલીસ કમિશ્નર શ્રી તથા અધિક પો. કમિશ્નર સેકટર ૨ સાહેબના હુકમથી તથા ઝોન-૪ સા શ્રી તથા મ.પો.કમિશ્નર શ્રી જી'ડીવીજન નાઓની જાણ સારૂ પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા સાહેબ નાઓની સુચનાથી પોસઇ કે.એમ.ચૌધરી તથા હે.કો.જીવણભાઇ મેઘજીભાઇ બ.ન.૭૫૫૦ તથા પો.કો.પ્રવિણસિંહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭ તથા પો.કો.દર્શનસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૫૬ તથા પો.કો.શક્તિસિંહ લાલુભા બ.ન.૩૧૨૯ તથા પો.કો.સંદિપસિંહ કોદરસિંહ બ.ન.૩૫૦૩ તથા પો.કો. વિક્રમસિંહ સુખદેવસિંહ બ.ન.૬૨૧૯ તથા પો.કો.પ્રદિપકુમાર રામભાઇ બ.ન.૨૯૮૨ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કંટ્રોલ ના ક.૧૬/૨૫ નો મેસેજ નં.૫૮૭૦૩ થી મેસેજ હકીકત મળેલ કે બંગલા એરીયા છારાનગર કુબેરનગર ની ફાટક ની ડાબી બાજુ કમલી ડોશી ની છોકરી અંજુને ત્યાં ૫૦ પેટી ઇંગ્લીશ દારૂ ઉતારેલ છે જે હકીકત આધારે સદરી જગ્યાએ બે પંચોના માણસોને સાથે રાખી સદરી મકાનમાં રેડ કરતા નાઓ અનિલ ઉર્ફે ભુરીયો રોહિદાસ ધંમડે ઉ.વ.૩૨ રહે.મ.ન.૨૫/૨૬ બી વોર્ડ જુની સિયા-પિયા હોટલ સામે માચિસ ગલી કુબેરનગર, અમદાવાદ શહેરનાનો હાજર મળી આવેલ બાદ સદરી સાથે રાખી પંચો રૂબરૂ મકાનમાં તપાસ કરતા મકાનમાથી બિયરના ટીન મળી કુલ્લે-૨૦૮ નંગ કુલ્લે કિ.રૂ.૨૬,૦૦૦/- મતાનો મળી આવતા પંચનામા વિગતે કબ્જે કરી કાયદેસર ની કાર્યવાહી કરેલ છે. આમ, સરદારનગર પોલીસ દ્વારા ગણના પાત્ર પ્રોહીબીશનનો જથ્થો શોધી પ્રસંશનિય કામગીરી કાર્યવાહી કરેલ છે.

## સુરક્ષા સેતુ રથ:

એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુંઆયોજન કરી, એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.